# હજી ત્રણ દિવસ આકરી ઠંડી રહેશે

**રાજ્યમાં** સૌથી ઓછું નલિયા અને અમરેલીનું 9 ડિગ્રી તાપમાન

ગાંધીનગર : ઉત્તર - પૂર્વીય - પૂર્વીય પવનના કારણે ગુજરાતમાં કાતિલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને આજે બુધવારે રાજ્યમાં નલિયા તથા અમરેલીમાં 9 ડિ.સે. ઠંડી નોંધાવવા પામી હતી. હવમાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજયમાં હજુયે 72 કલાક માટે ઠંડીનો ચમકારો યથાવત રહેશે.

સૌરાષ્ટ્ર - કચ્છમાં સામાન્ય કરતાં અત્યંત નીચુ તાપમાન નોંધાવવા સાથે કચ્છ અને અમરેલીમાં ઠંડીનો ધ્રુજારો વધી જવા પામ્યો છે. આજે બુધાવરે દિવસ દરમ્યાન અમરેલી અને કચ્છના નલિયામાં ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે 9 ડિગ્રીએ પહોંચી ગયો હતો. આગામી 72 કલાક સુધી રાજયમાં કાતિલ ઠંડીનો રાઉન્ડ રહેવાનો છે. જેના પગલે ગુજરાતમાં હવે ઠંડીનો ચમકારો વધવાનો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , હવે આગામી 72 કલાક માટે રાજયમાં કાતિલ ઠંડી અનુભવાશે.હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે રાજયમાં આજે રવિવારે અન્ય શહેરો પૈકી ભૂજમાં 12 ડિ.સે., નલિયામાં 9 ડિ.સે., કંડલા પોર્ટ પર 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 11 ડિ.સે., અમરેલીમાં 9 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., કેશોદમાં 12 ડિ.સે., અમદાવાદમાં 14 ડિ.સે., ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 12 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 13 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે., સુરતમાં 16 ડિ.સે. અને દમણમાં 17 ડિ.સે., લધુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ વચ્ચે નવી બસો દોડશે

**વિદ્યાર્થીઓની** માંગને લીધે હર્ષ સંઘવીએ આણંદ ડેપો પરથી જ બસ શરૂ કરવા સૂચના આપી

ગાંધીનગર : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે આમંદ બસ મથકની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન સંઘવી સમક્ષ કરાયેલી રજુઆતના પગલે આજથી જ આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ લોકલ બસ સેવાના નવા રૂટ શરૂ કરી દેવાયા છે.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે બસમાં જઈને નાયબ મુખ્યમંત્રી દ્વારા સંવાદ કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા તેમને પડતી તકલીફોની રજૂઆત કરતા જણાવ્યું હતું કે બોરસદ અને ડાકોર ની વધારાની ટ્રીપ શરુ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને સુગમતા રહે અને અમારી માંગણી નું નિરાકરણ થાય.

આ વાત સાંભળીને નાયબ મુખ્યમંત્રી એ આણંદ બસ સ્ટેશન ઉપરથી જ ઉચ્ચ અધિકારી સાથે ફોન ઉપર વાત કરીને તાત્કાલિક અસરથી બોરસદ અને ડાકોર ની બસ સેવા શરૂ કરવા સૂચના આપી હતી. જેના પગલે આજે તા.૦૭/૦૧/૨૦૨૬, બુધવારના રોજ આણંદ તથા બોરસદ એસ. ટી. ડેપો સંચાલિત નવીન આણંદ-ડાકોર અને આણંદ-બોરસદ લોકલ બસ શરૂ કરવામાં આવી છે. આણંદના ધારાસભ્ય યોગેશ પટેલ અને મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપી નવીન રૂટની બસને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. ધારાસભ્ય યોગેશ પટેલે જણાવ્યું હતું કે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની મુલાકાત થી તાત્કાલિક અસરથી નવી બસના રૂટ શરૂ કરવાથી વિદ્યાર્થીઓની માંગણી પૂરી થઈ છે અને વિદ્યાર્થીઓને અવરજવર કરવામાં અનુકૂળ રહેશે. અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને મુસાફરો એ નવા રૂટ શરૂ થવાથી ખુશી વ્યક્ત કરી હતી.

## બોર્ડના વિદ્યાર્થીઓની મૂંઝવણનો ઉકેલ લાવવા સારથી હેલ્પલાઇન શરૂ

અમદાવાદ : બોર્ડના વિદ્યાર્થીઓની ચિંતા અને મૂંઝવણ દૂર કરવા માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સારથી હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે. બોર્ડના વિદ્યાર્થીઓને કોઈપણ પરીક્ષા લગતી સમસ્યા કે મૂંઝવણ હોય તો તેના ઉકેલ માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સારથી હેલ્પલાઈનનું પ્રારંભ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન કોઈપણ વિષયમાં કોઈપણ મુશ્કેલી હોય, તો તેઓ હેલ્પલાઈનનો સહારો લઈ શકે છે. વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરવા માટે નિષ્ણાતોની ટીમ તૈયાર કરવામાં આવી છે. આ ખાસ ટીમ દ્વારા વિદ્યાર્થીઓના મૂંઝવણ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી ટેન્શન, તનાવ કે અન્ય કોઈપણ સમસ્યાન અંગે પણ યોગ્ય માર્ગદર્શન કરવામાં આવશે.

# ૧૦એ પીએમ મોદી સોમનાથ આવશે

**ભવ્ય** રોડ-શો અને જનસભાને સંબોધશે, 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી થશે

**૭૨** કલાકનો અખંડ ઓમકાર નાદ, ૧૦૮ અશ્વોની શૌર્ય યાત્રા બનશે આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગરઃ પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સમગ્ર દેશની આસ્થાના કેન્દ્ર તથા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ ખાતે આગામી તા. ૮થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ભવ્ય 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી કરવામાં આવશે. સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત સમગ્ર વહીવટી તંત્ર આ પર્વને સફળ બનાવવા માટે કાર્યરત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11 અને 12 જાન્યુઆરીએ ગુજરાત આવશે. તેઓ પોતાની ગુજરાત મુલાકાત દરમિયાન ગાંધીનગર, અમદાવાદ અને રાજકોટની મુલાકાત લેશે. દરમિયાન વડાપ્રધાન મોદી મેટ્રોનું ઉદ્ઘાટન કરીને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં હાજરી પણ આપશે. આ માટે ગાંધીનગર મેટ્રો સ્ટેશનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મેટ્રો અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર ખાતેથી કાર્યરત થશે. પીએમ મોદી તા.11મી જાન્યુ.એ સોમનાથ મંદિરમાં વિશેષ પૂજા પણ કરવાના છે. 11મી જાન્યુ.એ રાજકોટમાં રિઝનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરવાના છે. જે બાદ એજ દિવસે તેઓ સાંજે અમદાવાદ આવશે અને 12 તારીખે જર્મનીના વાઈસ ચાલ્સેલર સાથે સાબરમતી આશ્રમની મુલાકાત પણ કરવાના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 12 જાન્યુઆરીએ સવારે સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લેવાના છે. જે દરમિયાન ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અને આંટી અર્પણ કરી હૃદયકુંજની મુલાકાત લેશે. સાબરમતી આશ્રમમાં અંદાજે 20 મિનિટ સુધી મુલાકાત કરવાના છે. તેમજ રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પણ હાજરી આપવાના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ખુલ્લો મુકાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આજથી અનેક વર્ષો પહેલાં ઈ.સ. ૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર આક્રમણ કર્યું હતું, જેને આજે ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ સાથે જ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો જે સંકલ્પ લીધો હતો, તેના પણ ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ 'ડબલ સંયોગ'ના અવસરે સમગ્ર દેશ સોમનાથના શૌર્ય અને સંઘર્ષના ઈતિહાસને યાદ રાખી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ "સોમનાથ સ્વાભિમાન પર્વ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આજે ગાંધીગનરમાં કેબીનેટ પ્રવકત્તા અને સીનીયર મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે વડાપ્રધાન તા. ૧૧ જાન્યુઆરીના રોજ ભગવાન સોમનાથના દર્શન-અર્ચન કરીને આ પર્વમાં સહભાગી થશે. દર્શન-અર્ચન બાદ વડાપ્રધાન સોમનાથ મંદિરની બહાર સ્થિત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક ભવ્ય રોડ-શો અને શૌર્ય યાત્રામાં જોડાશે.

# ભરૂચની જુમ્મા મસ્જિદ મૂળ જૈન મંદિર હોવાના નક્કર ઐતિહાસિક પુરાવાઓ છે




ઢૂંઢ પોઇન્ટ

સમકિત શાહ

આજકાલ ભરૂચના પ્રાચીન જૈન મંદિરનો વિવાદ ચાલી રહ્યો છે, જેનો ઉલ્લેખ જૈન ઇતિહાસમાં સમડીવિહાર તરીકે કરવામાં આવ્યો છે. ભરૂચની જુમ્મા મસ્જિદ ભૂતકાળમાં જૈનોનો સમડીવિહાર હતો, તેના નક્કર ઐતિહાસિક પુરાવાઓ મળે છે. ભરૂચની જુમ્મા મસ્જિદનું ઈ.સ. ૧૯૮૦ ના દાયકામાં સમારકામ ચાલી રહ્યું હતું તે દરમિયાન કાટમાળમાંથી શ્રી મુનિસુવ્રત સ્વામીનું પ્રાચીન પબાસણ મળી આવ્યું હતું. આ પબાસણ પર વિ.સં. ૧૨૦૧ નો એક અભિલેખ મળી આવ્યો હતો. આ લેખની સંવત આમ્રભટ્ટ મંત્રી દ્વારા કરાવવામાં આવેલા જીર્ણોદ્ધારની સંવત ૧૧૧૨ પછીની છે. આ પબાસણ વડોદરામાં પુરાતત્ત્વ ખાતાની કચેરીમાં રાખવામાં આવ્યું હતું. આ લેખ ઉપરથી પણ સાબિત થાય છે કે આજે જે સ્થળે જુમ્મા મસ્જિદ છે ત્યાં એક સમયે સમડીવિહાર ઊભો હતો. ભરૂચમાં અત્યારે જે શ્રી મુનિસુવ્રત સ્વામીનું જિનમંદિર છે તે અર્વાચીન છે અને તેમાં જે શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનનું જિનબિંબ છે તે પૈઠણથી લાવવામાં આવ્યું છે. મધ્યકાલીન શ્વેતાંબર જૈન સાહિત્યમાં ભરૂચ નગરનો ઉલ્લેખ ભૃગુકચ્છ, ભૃગુપુર, ભૃગુપત્તન વગેરે તરીકે વાંચવા મળે છે. જૈન ધર્મના જગચ્ચિંતામણિ સ્તોત્ર નામે ચૈત્યવંદન સૂત્રમાં શત્રુંજયના શ્રી ઋષભદેવ પ્રભુ, ગિરનારના શ્રી નેમિનાથ પ્રભુ અને સત્યપુરમંડન શ્રી મહાવીર સ્વામી સાથે ભરૂચના શ્રી મુનિસુવ્રત સ્વામી અને મુહરિના શ્રી પાર્શ્વનાથનો પણ ઉલ્લેખ છે :

"જયઉ સામિય જયઉ સામિય,
રિસહુ સત્તુંજિ, ઉજ્જિંતિ પહુ નેમિ જિણં,
જયઉ વીર સચ્ચઉરીમંડણં,
ભરુઅચ્છહિં મુણિસુવ્વયં, મુહરિ પાસ દુહ-દરિઉ-ખંડણં"

ભરૂચની જુમ્મા મસ્જિદ જ જૈનોનો સમડીવિહાર છે, એનો એક વધુ પુરાવો આર્કિયોલોજીકલ સર્વે ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા, ભાગ-૬ માં મળે છે. આ ગ્રંથમાં જ્યોર્જ બર્જેસ નોંધ કરે છે કે "અલ્લાઉદ્દીન ખિલજીએ ઈ.સ. ૧૨૯૭ માં ગુજરાત સર કર્યું ત્યારે ભરૂચ પણ મુસ્લિમોના હાથમાં ગયું. તે કાળે ભરૂચના જૈન દેરાસરનું રૂપાંતર જુમ્મા મસ્જિદમાં કરવામાં આવ્યું. ત્યાં રહેલા અવશેષો કોઈ જિનાલયના ખંડિત ભાગો જેવા છે. ઈ.સ. ૧૮૦૩ સુધી આ જગ્યા અવાવરુ રહી હતી. ઈ.સ. ૧૮૦૩ માં અંગ્રેજોએ ભરૂચ ઉપર કબજો કર્યો ત્યારે લશ્કરે ત્યાં મુકામ કર્યો હતો."

ભરૂચમાં જૈન તીર્થની સ્થાપના વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના કાળમાં થઈ હતી. મુનિસુવ્રત ભગવાન એક અશ્વનો ઉદ્ધાર કરવા અહીં આવ્યા હોવાથી આ તીર્થ અશ્વાવબોધ તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું હતું. ત્યાર બાદ ત્યાં શ્રીલંકાની રાજકુંવરીએ શકુનિકા વિહાર નામનું જિનાલય બંધાવ્યું હતું, જે સમડીવિહાર તરીકે પણ ઓળખાતું હતું. ઈ.સ. ૧૨૩૧ અને ૧૨૫૩ વચ્ચે લખાયેલી આચાર્યશ્રી મહેન્દ્રસૂરિકૃત અષ્ટોત્તરી તીર્થમાલામાં ભરૂચના સમડીવિહાર તથા અશ્વાવબોધ તીર્થનો અને સુદર્શના રાજકુમારીનો ઉલ્લેખ કરીને ત્યાંના જીવંત સ્વામી અને મુનિસુવ્રત જિનને નમસ્કાર કરવામાં આવ્યા છે. આર્ય ખપુટાચાર્યના વંશમાં આચાર્યશ્રી વિજયસિંહસૂરિજી થયા. એક વખતે તેઓ શ્રી રૈવતગિરિ તીર્થની યાત્રા કરીને ભૃગુપુર નગરમાં પધાર્યા. શ્રીસંઘે તેમને પ્રવેશ મહોત્સવથી આવકાર્યા. અંકલેશ્વર નગરથી એક બળતો વાસ પ્રબળ પવનને કારણે ભૃગુપુરમાં આવ્યો અને નગરનાં લાકડાંના મકાનો ઉપર પડ્યો. જોતજોતામાં તે મકાન તો સળગી ગયું પણ આગ પ્રસરી ગઈ. તેણે અનેક મકાનો અને હવેલીઓને ભસ્મીભૂત કર્યાં. એ આગે શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના કાષ્ઠના જિનાલયને પણ બાળીને રાખ કર્યું, પણ શ્રી મુનિસુવ્રત સ્વામીનું બિંબ હતું તેવું જ રહ્યું. આગ શાંત થયા પછી ખપુટાચાર્યે ઘરે ઘરે ફરીને જીર્ણોદ્ધાર માટે પાંચ હજાર સોનામહોરો એકઠી કરી અને સુથાર કાષ્ઠનું નવું જિનાલય બંધાવ્યું.

ભરૂચના શકુનિકા વિહાર મંદિરનો જીર્ણોદ્ધાર ગુજરાતના મહામંત્રી આમ્રભટ્ટે કરાવ્યો હતો, તેવો ઉલ્લેખ પ્રબંધચિંતામણિ ગ્રંથમાં આચાર્યશ્રી મેરુતુંગસૂરિજી દ્વારા કરવામાં આવ્યો છે. આ ગ્રંથની રચના વિ.સં. ૧૩૬૧ માં કરવામાં આવી હતી. પ્રબંધચિંતામણિના કથન અનુસાર "ઉદયન મંત્રીની મરણ સમયની અધૂરી રહી ગયેલી તીર્થોદ્ધારની મનોકામના પૂર્ણ કરવા તેમના દ્વિતીય પુત્ર આમ્રભટ્ટે ભૃગુકચ્છમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના પુરાણા જિનાલયના સ્થાને નવીન ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું." રાજગચ્છીય આચાર્યશ્રી પ્રભાચંદ્રના ગ્રંથ પ્રભાવકચરિત્ર (વિ.સં. ૧૩૩૪) મુજબ આમ્રભટ્ટ (આંબડ) મંત્રીએ ભરૂચના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયને કાષ્ઠનું અને જીર્ણ થઈ ગયેલું જોઈ તેનો પુનરુદ્ધાર કર્યો. આંબડ મંત્રીના સમકાલીન આચાર્યશ્રી સોમપ્રભસૂરિજી પોતાના જિનધર્મપ્રતિબોધ નામના ગ્રંથમાં આ જિનાલય કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિના ઉપદેશથી આંબડ મંત્રીએ બંધાવ્યું એમ લખે છે. આંબડ મંત્રી દ્વારા આ મંદિરનો શિલાન્યાસ વિ.સં. ૧૧૨૦ માં કરવામાં આવ્યો હતો અને પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં. ૧૧૨૨ માં કરવામાં આવ્યો હતો. ઉદયન મંત્રીની આખરી ઈચ્છા મુજબ તેમના જ્યેષ્ઠ પુત્ર વાગ્ભટ્ટે શત્રુંજય તીર્થમાં આદેશ્વર ભગવાનનું જિનાલય વિ.સં. ૧૧૧૦ માં નિર્માણ કર્યું તેના દસકા પછી આમ્રભટ્ટ દ્વારા શકુનિકા વિહારનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો હતો.

આમ્રભટ્ટ મંત્રીએ તીર્થના ગૌરવને અનુરૂપ અને ઉદયન મંત્રીના પરિવારના શાન અને સમૃદ્ધિ સાથે સુસંગત ભવ્ય કોતરણીયુક્ત જિનાલય બંધાવ્યું હતું. ભૃગુકચ્છના શકુનિકા વિહારમાં ગુજરાતના મહામંત્રી તેજપાળે આચાર્યશ્રી જયસિંહસૂરિના ઉપદેશથી શ્રી મુનિસુવ્રત સ્વામીના મૂળ પ્રસાદમાં અને આજુબાજુની ૨૪ દેવકુલિકાઓમાં મૂકવા માટે ૨૫ સુવર્ણદંડ કરાવી આપ્યા હતા અને શ્રી પાર્શ્વનાથ તેમ જ શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ પણ પધરાવી હતી. ભૃગુકચ્છ તીર્થના અધિષ્ઠાતા આચાર્યશ્રી વીરસૂરિના શિષ્ય આચાર્યશ્રી જયસિંહસૂરિ દ્વારા રચાયેલી તેજપાલ પ્રશસ્તિમાં આ ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પ્રશસ્તિની રચના વિ.સં. ૧૨૮૬ આસપાસ કરવામાં આવી હતી, જ્યારે આમ્રભટ્ટ મંત્રી દ્વારા શકુનિકા વિહારનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૨૨૨ માં કરાવવામાં આવ્યો હતો. જૈન ગ્રંથોમાં સંપ્રતિ મહારાજાએ, સાતવાહન રાજાએ અને વિક્રમાદિત્ય રાજાએ પણ શકુનિકા વિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોવાની વાત આવે છે.

આવશ્યક ચૂર્ણિના પાઠ મુજબ ઈ.સ. ની પહેલી સદીમાં થઈ ગયેલા શકક્ષત્રપ નભોવાહન (નપાહન) ના રાજમાં ભરૂચમાં આર્ય વજભૂતિ નામના નિર્ગ્રંથ કવિ થઈ ગયા હોવાનો ઉલ્લેખ છે. ઈસુની પૂર્વે પ્રથમ શતાબ્દીમાં થઈ ગયેલા આચાર્ય કાલકસૂરિ મહારાજે ભરૂચમાં ચાતુર્માસ કર્યું તેનો પણ ઉલ્લેખ છે. ત્યાં બલમિત્ર નામે રાજા હતો. તેનો ભાઇ ભાનુમિત્ર આચાર્યશ્રી કાલકસૂરિનો ભાણેજ હતો. શ્વેતાંબર જૈનાચાર્ય શ્રીચંદ્રસૂરિકૃત મુનિસુવ્રતચરિત્રના ગ્રંથના પાઠ મુજબ હર્ષપુરીય ગચ્છના અભયદેવસૂરિના ઉપદેશથી ગુજરાતના પ્રખ્યાત શાંતનુ મંત્રીએ જયસિંહના શાસન કાળમાં ભરૂચના શકુનિકા વિહાર ઉપર સુવર્ણકળશો ચઢાવ્યા હતા. આ ઘટના ઈ.સ. ૧૧૦૦ આસપાસની હોઈ શકે છે અને તે આમ્રભટ્ટ દ્વારા જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો તેની પૂર્વેની છે.

ભરૂચમાં આમ્રભટ્ટ મંત્રીએ જે ભવ્ય શકુનિકા વિહાર બંધાવ્યો હતો તેનો ધ્વંસ ઈ.સ. ૧૩૨૧ માં અલ્લાઉદ્દીન ખિલજીએ કર્યો અને તેના સ્થાન ઉપર આજની જુમ્મા મસ્જિદ બનાવી. જો આજે પણ કોઈને આમ્રભટ્ટ મંત્રીએ ઈ.સ. ૧૧૬૬ માં બનાવેલા ભવ્ય જિનાલયના અંશો જોવા હોય તો તેમણે ભરૂચની જુમ્મા મસ્જિદની મુલાકાત લેવી જોઈએ, જે વર્તમાન શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયથી માત્ર અડધા કિલોમીટરના અંતરે આવેલી છે. આ મસ્જિદમાં ગર્ભગૃહની બારશાખો ઉપર આજે પણ શ્રી જિનેશ્વર પરમાત્માની મંગલ મૂર્તિઓ જોવા મળે છે. આ મસ્જિદના સ્તંભો અને તોરણો જોતાં પણ ખ્યાલ આવે છે કે મૂળમાં આ સ્થાન ઉપર ભવ્ય જિનાલય હતું. આ મસ્જિદના મુખ્ય મંડપનો વ્યાસ આશરે ૩૦ ફૂટ જેટલો છે. પ્રભાવકચરિત્ર નામના ગ્રંથમાં શકુનિકા વિહારની પહોળાઈ આશરે ૧૭ હાથ કે ૫૧ ફૂટની જણાવવામાં આવી છે. મુખ્ય રંગમંડપની પહોળાઈ ૩૦ ફૂટ જેટલી છે એ જોતાં મંદિરની કુલ પહોળાઈ ૫૧ ફૂટ હોય તે સ્વાભાવિક છે. આ મસ્જિદના વાસ્તુનો અભ્યાસ કરતાં પણ ખ્યાલ આવે છે કે મૂળ શકુનિકા વિહારમાં મુખ્ય ગર્ભગૃહ ઉપરાંત ગૂઢમંડપ, છ કે નવ ચોકી, રંગમંડપ અને રંગમંડપ ફરતી ૨૪ દેવકુલિકાઓ હતી. ભરૂચ તીર્થની યાત્રા કરનાર દરેક યાત્રિકે આ જુમ્મા મસ્જિદની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. ભરૂચના શકુનિકા વિહાર ઉપર મુસ્લિમોનું આક્રમણ આવ્યું ત્યારે તેમાં રહેલી તીર્થંકર પરમાત્માની મૂર્તિઓ શ્રીમાળી પોળમાં આવેલાં સાત જિનાલયોમાં લઈ જવામાં આવી હતી. આ જિનાલયો જીર્ણ થતાં વિ.સં. ૨૦૪૫ માં એક નૂતન જિનાલયનું નિર્માણ કરીને તેમાં ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી. આજે પણ ભારતભરનાં જૈનો હજારોની સંખ્યામાં આ નૂતન મંદિરમાં આરાધના માટે આવે છે. તેમાંના બહુ ઓછાને જાણ હશે કે મૂળ સમડીવિહાર જિનાલય તેની નજીકમાં જ આવેલું છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભરૂચના સમડીવિહાર મંદિરનું બાંધકામ ગુજરાતના મહામંત્રી આમ્રભટ્ટે કરાવ્યું હતું, તેવો ઉલ્લેખ પ્રબંધ ચિંતામણિ ગ્રંથમાં આચાર્યશ્રી મેરુતુંગસૂરિજી દ્વારા કરવામાં આવ્યો છે**

## BUSINESS મિત્ર

# શેરબજારમાં ઘટાડાની હેટ્રિક

**બેન્ક** નિફ્ટીએ 60,000ની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી

**જો કે** બ્રોડર માર્કેટમાં પોઝિટિવ ચાલ જોવાઇ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 6:** ભારતીય શેરબજારમાં વધુ એક દિવસ ઘટાડો નોંધાયો છે. આજે આઈટી શેરોમાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો, જેમાં ટીસીએસ, ઈન્ફોસીસના ત્રીજા કવાર્ટરના પરિણામો જાહરે થનારા છે, ત્યારે આઈટી શેરોમાં સુધારો જોવાયો હતો. બીજી તરફ, અન્ય લાર્જકેપ શેરોમાં નરમાઈ જોવા મળી હતી. જોકે, બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા.

આજે પ્રાઈવેટ બેન્કોની સાથે પીએસયુ બેન્કોમાં પણ વેચવાલી રહી હતી અને તેના લીધે બેન્ક નિફ્ટીમાં નરમાઇ જોવા મળી હતી. જેને 60000 પોઈન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી નાંખી હતી. જો બેન્ક નિફ્ટી 59800 પોઈન્ટની સપાટી તોડશે તો વધુ નરમાઇ જોવા મળી શકે છે. આમ, વૈશ્વિક અનિશ્ચિતતા વદી રહી છે, જેમાં અમેરિકા વેનેઝુએલા બાદ ગ્રીનલેન્ડની ઉપર હુમલો કરી દીધો છે.

આજે પણ વિદેશી રોકાણકારોની વેચવાલીનું દબાણ રહ્યું હતું. આ સિવાય મોટાભાગના વૈશ્વિક બજારો લાલ નિશાનમાં રહ્યા હોવાથી રોકાણકારો સાવેચત રહ્યા હતા. ભૂરાજકીય તણાવના કારણે વધુ નરમાઇ રહેશે.

બીએસઇ સેન્સેકસ 102.20 પોઈન્ટ એટલે કે 0.12 ટકા ઘટીને 84961.14 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેકસ 85000 પોઈન્ટની સપાટી તોડી શકે છે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85075 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84817 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 37.95 પોઈન્ટ એટલે કે 0.14 ટકા ઘટીને 26140.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈનિફ્ટીએ 26150 પોઈન્ટની સપાટી તોડી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26187 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26067 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 127.55 પોઈન્ટ એટલે કે 0.21 ટકા ઘટીને 60000 પોઈન્ટની સપાટી તોડીને 59990.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એસબીઆઇ લાઇફ 18.92 ગણા, કોનકોર્ડ બાયોટેક લિ. 7.61 ગણા, ગોદરેજ કન્ઝયુમર 6.77 ગણા, કલ્યાણ જવેલર્સ 6.76 ગણા અને ટાટા ટેકનો 5.93 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટાટા એલેક્સી 17.8 ગણા, એલીકોન એન્જીનીયરીંગ 16.59 ગણા, ટાટા ટેકનો 15.16 ગણા, કલ્યાણ જવેલર્સ 8.72 ગણા અને સીન્જીન ઈન્ટરનેશનલ 6.61 ગણા કામકાજ નોંધાયા છે.

ફ્રન્ટલાઈન શેરોને પાછળ છોડી દીધા છે. બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.47 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.12 ટકા વધારો થયો છે. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2099 શેરો વધ્યા હતા, જ્યારે 2073 શેરો ઘટ્યા હતા અને 179 સેરો યથાવત રહ્યા હતા.

ઓટો શેરોમાં નફાવસુલી જોવા મળી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેકસ 0.80 ટકા ઘટ્યા હતા. જેમાં છેલ્લા છ ટ્રેડિંગ સેશનમાં 4.81 ટકા વધ્યો હતો. જેમાં મારૂતિ સુઝુકી, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ, એકસાઇડ ઈન્ડ., મહિન્દ્રા-મહિન્દ્રા, ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, સોના બીએલડબલ્યુ, ટીવીએસ મોટર, હીરો ટો કોર્પ અને યુનો મિન્ડા ઘટ્યા હતા. બીજી તરફ, બજાજ ઓટો, આઈશર મોટર અને બોશ સુધર્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન અને એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડને જોડવાની ધમકી પાબાદ પ્રાદેશિક બજારોના ઝટકો આવ્યો હતો. જ્યારે યુરો ઝોનનો ફુગાવો ડિસેમ્બરમાં 2 ટકા હતો, જે નવેમ્બરમાં 2.1 ટકાથી ઘટ્યો હતો, જેનાથી ઈસીબી વ્યાજદર યથાવત રાખ્યો છે, જુનમાં છેલ્લો રેટ કટ થયો હતો, આમ, સતત ચોથી બેઠકમાં વ્યાજદર યથાવત રહ્યો હતો. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.59 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે.

### રૂપિયામાં શાનદાર રીકવરી, 90ની નીચે

કરન્સી બજારમાં રૂપિયામાં મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયામાં શાનદાર રીકવરી જોવા મળી હતી. જે રૂપિયો 90ની નીચે સરક્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 30 પૈસા મજબૂત થયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 89.88ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.17ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 104.51, પાઉન્ડ 12.1.45, કેનેડિયન ડોલર 65.13, ઓસ્ટ્રેલિયન ડોલર 60.22, જાપાનીઝ યેન 0.5740 અને સીંગાપોર ડોલર 71.21ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 89.88 રૂ. |
| યુરો | 104.51 રૂ. |
| પાઉન્ડ | 121.45 રૂ. |
| યેન | 0.5741 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -102.20 | 84961.14 |
| નિફ્ટી | -37.95 | 26140.75 |
| બેન્ક નિફ્ટી | -127.55 | 59990.85 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 3.93 | 4273.20 |
| વિપ્રો | 1.96 | 270.80 |
| એચસીએલ ટેકનો | 1.94 | 1647.70 |
| જિયો ફાઇનાન્સીયલ | 1.66 | 303.50 |
| ઇન્ફોસીસ | 1.66 | 1639.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સીપલા | 4.11 | 1467.90 |
| મારૂતિ સુઝુકી | 2.79 | 16809.00 |
| પાવરગ્રીડ | 1.66 | 264.10 |
| ટીએમપીવી | 1.50 | 363.35 |
| મેક્સ હેલ્થકેર | 1.61 | 1034.70 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 3.96 | 4273.80 |
| એચસીએલ ટેકનો | 1.99 | 1648.45 |
| ઇન્ફોસીસ | 1.72 | 1638.90 |
| ટેક મહિન્દ્રા | 1.80 | 1629.70 |
| ટીસીએસ | 1.23 | 3295.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 2.78 | 16814.55 |
| પાવરગ્રીડ | 1.66 | 264.05 |
| એચડીએફસી બેન્ક | 1.38 | 949.15 |
| ટાટા સ્ટીલ | 1.32 | 183.75 |
| એશિયન પેઇન્ટસ | 1.34 | 2807.20 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૦૩૦૦ |
| તેજાબી સોનું | ૧૪૦૨૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૩૨૮૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૭૪૯૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૦૦૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૦૨૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૧૭૦૦ |

**વર્ષ 2026ની શરૂઆતથી જ 15%નો ઉછાળો**

# ચાંદીનો નવો ઈતિહાસ: $83.62ની સર્વોચ્ચ સપાટી સાથે ઓલટાઇમ હાઈ

**ચાંદીમાં** સતત પુરવઠાની અછત, મજબૂત ઔદ્યોગિક માંગ અને અનુકૂળ વૈશ્વિક મેક્રો વાતાવરણને કારણે તેજીની ઝડપ વધી

નવી દિલ્હી, તા. 7: આંતરરાષ્ટ્રીયબજારમાં ચાંદીના ભાવે નવો ઈતિહાસ રચ્યો છે. ચાંદીની કિંમત આજે 83.62 ડોલર પ્રતિ ઔંસની નવી ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. વર્ષ 2026ની શરૂઆતથી, ચાંદીના ભાવમાં લગભગ 15 ટકાનો ઉછાળો આવ્યો છે. બ્રોકરેજ કંપનીઓ અને ઉદ્યોગના અહેવાલો અનુસાર, સતત પુરવઠાની અછત, મજબૂત ઔદ્યોગિક માંગ અને અનુકૂળ વૈશ્વિક મેક્રો વાતાવરણને કારણે ગતિ વધી છે.

વિશ્લેષકો કહે છે કે મજબૂત ઔદ્યોગિક વપરાશ અને ઈટીએફ દ્વારા આવતા સતત રોકાણને કારણે ચાંદી હાલમાં મજબૂત થઈ રહી છે. તેમનું માનવું છે કે સૌર ઊર્જા, ઈલેક્ટ્રિક વાહનો, ઈલેક્ટ્રોનિક્સ અને ઓટો કમ્પોનન્ટસ જેવા ક્ષેત્રોની સતત વધતી માંગે ચાંદીને ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ભારતમાં પણ, સોલાર ક્ષમતામાં ઝડપથી વધારો કરવાની સરકારની યોજનાએ ચાંદીના સ્થાનિક વપરાશને ટેકો આપ્યો છે. સોલાર પેનલ બનાવવામાં ચાંદીના વધતા ઉપયોગથી તેની માંગ વધુ મજબૂત થઈ છે.

બીજી બાજુ, પુરવઠાની સ્થિતિ હજી પણ ખૂબ ચુસ્ત છે. કેટલાક બ્રોકરેજ રિપોર્ટમાં સિલ્વર ઈન્સ્ટિટ્યૂટના ડેટાને ટાંકવામાં આવ્યા છે, જે મુજબ વૈશ્વિક ચાંદી બજાર સતત પાંચમા વર્ષે માળખાકીય નુકસાનમાં છે. એટલે કે, માંગ પુરવઠાને આગળ ધપાવવાનું ચાલુ રાખે છે.લગભગ 70 ટકા ચાંદી અન્ય ધાતુઓની આડપેદાશ તરીકે ઉત્પન્ન થાય છે. આ ભાવમાં વધારો હોવા છતાં ઝડપથી ઉત્પાદન વધારવું મુશ્કેલ બનાવે છે. વધુમાં, ખાણોમાં કાચી ધાતુના ગ્રેડમાં ઘટાડો, મર્યાદિત રિસાયક્લિંગ અને ફ્લેટ ખાણ ઉત્પાદનની ઉપલબ્ધતા વધુ મર્યાદિત છે. લંડન, ચીન અને યુએસ જેવા મુખ્ય બજારોમાં ચાંદીના શેરો પણ મલ્ટીયર નીચલા સ્તરની આસપાસ હોવાનું કહેવાય છે. ચીનથી ચાંદીની નિકાસ પર કડક નિયંત્રણ લાદવાના ડરથી સપ્લાય ફ્રન્ટ પર જોખમ વધુ વધી ગયું છે. જો ચીન કડક રહેશે તો વૈશ્વિક બજારમાં ચાંદીની ઉપલબ્ધતા વધુ ઘટી શકે છે, જે હાલની ખાધને વધુ ઊંડી બનાવી શકે છે. ઈન્ક્રીડ મની અને ટાટા મ્યુચ્યુઅલ ફંડના આઉટલુક રિપોર્ટ્સ અનુસાર, મધ્યમથી લાંબા ગાળામાં સિલ્વર ટ્રેન્ડ હકારાત્મક રહી શકે છે, જો કે વોલેટિલિટી ચાલુ રહેવાની સંભાવના છે. **ચાંદીની તેજીના 5 મુખ્ય કારણો**માળખાકીય અછતઃ સિલ્વર ઈન્સ્ટિટ્યૂટ મુજબ, સતત 5મા વર્ષે ચાંદીનો પુરવઠો માંગ કરતા ઓછો છે. ઔદ્યોગિક વપરાશઃ સોલાર પેનલ, ઈલેક્ટ્રિક વ્હીકલ્સ (EV) અને ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરમાં ચાંદીનો અનિવાર્ય ઉપયોગ. ઉત્પાદનની મર્યાદાઃ 70% ચાંદી અન્ય ધાતુઓની 'બાય-પ્રોડક્ટ' તરીકે મળે છે, જેથી તાત્કાલિક ઉત્પાદન વધારવું મુશ્કેલ છે. ચીન ફેક્ટરઃ ચીન દ્વારા નિકાસ પર કડક નિયંત્રણો આવવાની આશંકાએ વૈશ્વિક બજારમાં સપ્લાયની ચિંતા વધી. રોકાણકારોનો ઝોકઃ સિલ્વર ETFમાં વધતું રોકાણ અને યુએસ ફેડ દ્વારા વ્યાજદરમાં ઘટાડાની આશા.

**સોના-ચાંદી જેવી જ ચમક**

# એક વર્ષમાં કોપરમાં 43%નો તોતિંગ ઉછાળો

**તાંબામાં** તેજીના પગલે કન્ઝયુમર ડયુરેબલ્સ સહિત ચાર સેકટર પર માઠી અસર પડશે

મુંબઇ, તા. 7: વૈશ્વિકબજારમાં તાંબાના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા છે. જેના કારણે મેટલ સેક્ટરમાં જબરદસ્ત હલચલ મચી રહી છે. છેલ્લા 1 વર્ષમાં તાંબાના ભાવમાં લગભગ 43 ટકાનો વધારો થયો છે. આ વધારો પણ આશ્ચર્યજનક છે કેમ કે 2012થી તાંબાના ભાવમાં લગભગ 55 ટકાનો વધારો થયો છે. જેના કારણ છે કે હિન્દુસ્તાન કોપર જેવી કોપર માઈનિંગ કંપનીના શેરમાં તીવ્ર તેજી આવી રહી છે. કંપનીના શેરમાં એક મહિનામાં 50 ટકાથી વધુની તેજી જોવા મળી છે. ઘણા ક્ષેત્રો માટે કે જેઓ તાંબાનો વ્યાપકપણે ઉપયોગ કરે છે, આ તેજી માર્જિન પર દબાણ પેદા કરી શકે છે. તાંબાનો ઔદ્યોગિક ઉપયોગ ખૂબ વધારે છે. તેથી, ભાવમાં તીવ્ર ઉછાળાની અસર ઘણા ઉદ્યોગોમાં ફેલાઇ શકે છે. પોલીકેબ ઈન્ડિયા, ફિનોલેક્સ કેબલ્સ, કેઈઆઇ ઈન્ડસ્ટ્રીઝ અને હેવેલ્સ ઈન્ડિયા જેવી વિયર્સ અને કેબલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ કોપરના સૌથી મોટા ગ્રાહકો છે. ત્રીજા ક્વાર્ટરમાં આંતરરાષ્ટ્રીય તાંબાના ભાવમાં લગભગ 17 ટકાનો વધારો થયો છે, જેના કારણે આ કંપનીઓના ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.